[illegible]

# પ્રથમ લેખિત કસોટી : ઓક્ટોબર - 2013

તારીખ :- 24-10-13 | વિષય:- ગુજરાતી | સમય :- 11-00 થી 14-00

વાર :- ગુરુવાર | ધોરણ - 8 | કુલ ગુણ :- **80**

**વિધાર્થીનું નામ :-** ..................................................................બેઠક નંબર ........................

સુચના :- પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખો.

---

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.** [10]

(1) કવિ ઈશ્વર પાસે શું માગે છે?

(અ) આભઅટારી (બ) ચિનગારી (ક) ધનસંપત્તિ (ડ) પ્રેમ

(2) જુમો કોના પર બેસી પરણવા ગયો હતો?

(અ) હાથી (બ) ઘોડો (ક) પાડો (ડ) વેણુ

(3) ગુજરાત રાજ્યના વિધાનસભા ગૃહનું નામ શું છે?

(અ) ગાંધી ભવન (બ) સરદાર પટેલ ગૃહ

(ક) વિઠ્ઠલભાઈ પટેલ ભવન (ડ) નહેરુ ભવન

(4) કચ્છનો શાહ સોદાગર કોણ હતો?

(અ) ભામાશા (બ) જગડુશા (ક) વિશળદેવ (ડ) હાકાશા

(5) ધૂળેટીનો તહેવાર ક્યારે આવે છે?

(અ) ફાગણ સુદ પૂનમ (બ)મહા સુદ પૂનમ (ક) ફાગણ વદ એકમ (ડ) ચૈત્ર વદ એકમ

(6) લેખકને અઢી આનાની જરૂર શા માટે પડી?

(અ) આશ્રમમાં રહેવા (બ) પુસ્તક ખરીદવા (ક) જમવા માટે (ડ) નાસ્તો કરવા

(7) 'ધુળિયે મારગ' કાવ્યમાં કવિ કઈ ગલીને સાંકડી ગલી કહે છે?

(અ) સોનાની (બ) પિત્તળની (ક) શહેરની (ડ) ગામડાની

(8) કોઈપણ રાજ્યનું વડુંમથક કયા નામે ઓળખાય છે?

(અ) ગાંધીનગર (બ) રાજ્ય સીમા (ક) પાટનગર (ડ) રાજ્ય મથક

(9) નીચેનામાંથી કયો વર્ણ દંત્ય વર્ણ નથી?

(અ) ત (બ) થ (ક) ખ (ડ) દ



Scanned by CamScanner

(10) 'પશાભાઈએ પહાડ પરથી પડતાં પડતાં પાડાનું પૂંછડું પકડી પાડ્યું' અહીં કયો અલંકાર છે?

(અ) ઉપમા (બ) શબ્દાનું પ્રાસ (ક) ઉત્પ્રેક્ષા (ડ) વર્ણાનુપ્રાસ

**(બ) નીચે આપેલ વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકો.** **[4]**

(1) તે એકદમ રસ્તા તરફ દોડ્યો

(2) દાંત વગર કંઈ ખવાય

(3) વાહ કેવું ભવ્ય ભવન

(4) દિયા પાર્થ ઝીલ અને વિનિત મારા મિત્રો છે.

**(ક) નીચે આપેલ રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે બે)** **[4]**

(1) આંકડા માંડવા (2) કળ વળવી (3) પેટ મોટું હોવું

**પ્રશ્ન-2 (અ) નીચે આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** **[9]**

(1) લેખકે અઢી આના કેવી રીતે મેળવ્યા?

(2) રાજાએ પોતાના દિકરાના મારનારને કેમ છોડી મૂક્યો?

(3) કવિ માની મમતા કયા કયા પ્રસંગે અનુભવે છે?

(4) જુમા સાથેની દોસ્તી વેણુ અંત સમયે કેવી રીતે નીભાવે છે?

**(બ) નીચે આપેલ પ્રશ્નોના એક બે વાક્યોમાં જવાબ આપો. (ગમે તે ચાર)** **[8]**

(1) કવિ માત્ર એકજ ચિનગારી કેમ માગે છે?

(2) વેણુનો બચાવ શક્ય ન લાગતાં જુમો શું નિર્ણય લે છે?

(3) વાવણિયાને કેવી રીતે શણગાર્યો છે?

(4) કવિને માતાની લહેરખી ક્યારે અનુભવાય છે?

(5) રાજા રાજ્યની પ્રજાને બચાવવા કોનો સહારો લે છે?

**(ક) નીચે દર્શાવેલ શબ્દોના સમાનાર્થી શબ્દ આપો. (ગમે તે ત્રણ)** **[3]**

(1) સ્મરણ (2) સૂરજ (3) રૈયત (4) કાયા

**પ્રશ્ન-3 (અ) નીચે આપેલ વિષયો પૈકી કોઈ એક વિષય પર નિબંધ લખો.** **[8]**

(1) વસંતનો વૈભવ

(2) મા : એક અનોખું વ્યક્તિત્વ

(3) વર્ષાઋતુ

**(બ) નીચે આપેલ શબ્દોની સાચી જોડણી લખો. (ગમે તે બે)** **[2]**

(1) કામીની (2) ચીનગારી (3) નિશ્ચિત



Scanned by CamScanner

(ક) **નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ'બ' સાથે યોગ્ય રીતે જોડો.** [4]

| 'અ' | | 'બ' | |
|---|---|---|---|
| (1) | ધૂળિયે મારગ | (1) | ધૂમકેતુ |
| (2) | જુમો ભિસ્તી | (2) | નાટક |
| (3) | આજ આનંદ | (3) | મરકન્દ દવે |
| (4) | દેશભક્ત જગડુશા | (4) | લોકગીત |

**પ્રશ્ન-4** (અ) **નીચે આપેલ મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક આપો.** [6]

એક રાજા - છૂપા વેશે ફરવા નીકળવું - સિપાઈને માર્ગ પૂછવો - સિપાઈનો સભ્ય જવાબ - સાથે આવવા આગ્રહ - લાલચ આપવી - સિપાઈનું ગુસ્સે થવું - છૂપાવેશમાં આવેલ રાજાને થપ્પડ મારવી - બીજા દિવસે સિપાઈને દરબારમાં બોલાવવો - સન્માન કરવું - બોધ.

<u>અથવા</u>

વાતાવરણને પ્રદૂષણમુક્ત કરવા વિશેનાં તમારા વિચારો વ્યક્ત કરતો પત્ર તમારા મિત્રને લખો.

(બ) **નીચે આપેલ કાવ્યપંક્તિની સમજૂતી આપો. (ગમે તે એક)** [4]

(1) ખુલ્લા ખેતર અડખે પડખે,
માથે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું,
ક્યાં આવો છે લાભ?

(2) ચકમક લોઢું ઘસતાં-ઘસતાં,
ખરચી જિંદગી સારી;
જામગરીમાં તણખો ન પડ્યો,
ન ફળી મહેનત મારી;

(ક) **કૌંસમાં આપેલ સૂચના મુજબ વાક્યો બનાવો. (ગમે તે બે)** [4]

(1) જુમો વેણુને ભેટી પડ્યો. ( કર્મણિ વાક્યા )

(2) જુમાથી બૂમ પડાઈ. ( કર્તરિ વાક્ય )

(3) જુમાએ પાણી પાયું. ( પ્રેરક વાક્ય )



Scanned by CamScanner

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમ મુજબ ગોઠવો.** **[4]**

ધૂળિયે , આકાશ , પાટણ , દર્પણ

**(બ) નીચે આપેલ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (ગમે તે બે)** **[4]**

(1) રાજ્યના કાયદા ઘડનારી સભા

(2) ઉનાળાની ગરમ હવા

(3) હોળી ખેલનારો માણસ

**(ક) નીચેના શબ્દજૂથનો ઉપયોગ કરી વાક્ય બનાવો. (ગમે તે બે)** **[4]**

(1) સવાર , અંધારું , અવાજ

(2) ગુજરાત , ગાંધીનગર , પાટનગર

(3) શાળા , પ્રાર્થના , નિયમિત

**(ડ) નીચે આપેલા ધ્વનિઓને જોડી શબ્દ બનાવો. (ગમે તે બે)** **[2]**

(1) ખ્ + અ + જ્ + આ + ન્ + ઓ

(2) સ્ + વ્ + અ + ર્ + ગ્ + અ

(3) મ્ + આ + લ્ + ઈ + ક્ + અ



Scanned by CamScanner